પૂર્વછાયો- સુંદર કથા સાંભળો, થયા સ્વામિના વર્ણી શિષ્ય ।
ડાહ્યા સર્વે સદ્‌ગુણ જેમાં, અસાધારણ અહોનિશ ॥૧॥
એવા હરિ બુદ્ધિવંતશું, સ્વામીએ રાખ્યો સખાભાવ ।
કાંઈક કામ કારણે, પુછે પોતે કરી ઉછાવ ॥૨॥
જિયાં જિયાં પોતે વિચર્યા, તિયાં તિયાં વર્ણિ સાથ ।
રૈવતાચળ આસપાસળે, કર્યા બહુ જીવ સનાથ ॥૩॥

કૃષ્ણની ભક્તિ અતિશે, પ્રવર્તાવી જનમાંય ।
જિજ્ઞાસુ જીવ જોઈને, પોતે ફર્યા ગ્રેવા બાંય ॥૪॥

ચોપાઇ- ક્યાંક પક્ષ ક્યાંક રહ્યા માસ રે, એમ ફર્યા દેશ અવિનાશ રે ।
એમ રહેતા દેતા દર્શન શ્યામ રે, આવ્યા પોતે જેતપુર ગામ રે ॥૫॥
ત્યાં ઉગ્રડ નામે રાજન રે, તેણે રાખ્યા છે કરી સ્તવન રે ।
કહ્યું આ જે સરવે છે મારું રે, તેતો જાણજ્યો સ્વામી તમારું રે ॥૬॥
પછી રહ્યા તિયાં રામાનંદ રે, સર્વે જનને દેવા આનંદ રે ।
રહે સેવામાં હરિ તત્પર રે, કરે સેવા સ્વામીની સુંદર રે ॥૭॥
ગુણે કરી અધિક છો સહુથી રે, ગુણ સ્વાભાવિક છે આવ્યા નથી રે ।
સર્વે કાળ વળી સર્વે સ્થળ રે, સ્વસ્વરૂપ વિષે રહે અચળ રે ॥૮॥
સત્ય શૌચ દયા ક્ષમા ત્યાગ રે, સંતોષ આર્જવ ને વૈરાગ્ય રે ।
શમ દમ સામ્ય ઉપરતિ રે, તપ તેજ તિતિક્ષાના પતિ રે ॥૯॥
શાસ્ત્રજ્ઞાન ઐશ્વર્યતા અતિ રે, બળ શૂરપણું ને સમૃતિ રે ।
સ્વતંત્ર કુશળ કાંતિ ધૈર્ય રે, ચિત્ત કોમળ વાક્યચાતુર્ય રે ॥૧૦॥
નમ્રતા શીલ સહ ઓજ બળ રે, ભગ સ્થિર ગંભીર અકળ રે ।
આસ્તિક અદંભી અમાન રે, કીર્તિ મૌન ગર્વ નહિ દાન રે ॥૧૧॥
મિતાહાર ડાહ્યા મિત્રપણું રે, સર્વે ઉપકારિ દયા ઘણું રે ।
કામ ક્ષોભ ન પામતે ચિત્ત રે, અદ્રોહ ષડ્ ઉરમી જીત રે ॥૧૨॥
આપે પરને માન તે ઘણું રે, અપરિગ્રહ બ્રહ્મણ્યપણું રે ।
શરણાગતવત્સલ અનીહ રે, એહ આદિ સદ્ગુણ જેહ રે ॥૧૩॥
તેહ દેખીને સર્વે જન રે, પામે વિસ્મય પોતાને મન રે ।
એવા ગુણવાળા જોઈ સહુ રે, માને મોટા હરિજીને બહુ રે ॥૧૪॥
એવા ગુણવાળા બ્રહ્મચારી રે, કરે સેવા સ્વામીશ્રીની સારી રે ।
એમ અહોનિશ સેવા કરતાં રે, વીત્યાં વર્ષ દોય સંગ રહેતાં રે ॥૧૫॥
ધાર્યા ધર્મ નિયમ તે ન મુકે રે, કરે તપ યોગમાં ન ચુકે રે ।
જોઈ સ્વામી એવા વર્ણિરાય રે, સ્થાપી ધર્મધુર એહ માંય રે ॥૧૬॥
આપે ઇચ્છ્યા અંતર્ધાન થાવા રે, માંડ્યું વર્ણિને વચન મનાવા રે ।

જે વહેવાર ન જાણે લગાર રે, તેને ઇચ્છ્યા સોંપવા વહેવાર રે ॥૧૭॥
કહે સ્વામી સાંભળો સુજાણ રે, કહું વચન તે કરવું પ્રમાણ રે ।
જે મારા આશ્રિત નરનાર રે, તેને રાખવા ધર્મ મોઝાર રે ॥૧૮॥
તમે વાસુદેવ માહાત્મ્ય રે, તેનો પાઠ કર્યાનું છે નિમ રે ।
તેમાં વર્ણાશ્રમના જે ધર્મ રે, કહ્યા સ્ત્રીના ધર્મ અતિ પરમ રે ॥૧૯॥
તેમાં રખાવજ્યો સહુને તમે રે, એમ આજ્ઞા કરૂં છું અમે રે ।
કરજ્યો કૃષ્ણની પૂજા તે એવી રે, કરી વિકલેશે વળી જેવી રે ॥૨૦॥
તે તો શ્રીકૃષ્ણ તમારે વિષે રે, વિરાજી રહ્યા છે અહોનિશ રે ।
તેનાં વ્રત ઉપવાસ જેમ રે, કરવા વૈષ્ણવ કરે છે તેમ રે ॥૨૧॥
તમે શાસ્ત્રમાં જાણો છો ઘણું રે, માટે માનો વચન મુજતણું રે ।
મારા સ્થાનક ઉપર રહેવા રે, નથી બીજા કોઇ તમ જેવા રે ॥૨૨॥
જે દિના મેં નિરખ્યા છે તમને રે, કર્યો છે મેં મનોરથ મને રે ।
તે પુરો કરો વરણિરાટ રે, કરવા યોગ્ય છો કહું છું તે માટ રે ॥૨૩॥
તમારા વૈરાગ્યની જે વાત રે, અતિતીવ્ર હું જાણું છું તાત રે ।
પણ એ કાજ તમથી થાય રે, બીજાને તે કેમ કહેવાય રે ॥૨૪॥
તમ જેવા તો તમે છો એક રે, એમ જોયું છે કરી વિવેક રે ।
તમને નિર્લેપ અતિ જાણી રે, નિરબંધ જોઇ કહું વાણી રે ॥૨૫॥
વસન ભૂષણ વાહન જેહ રે, ગ્રહણ કરજ્યો આપે જન તેહ રે ।
નિજજનની પૂરજ્યો હામ રે, કરજ્યો રક્ષા તેની આઠું જામરે ॥૨૬॥
કળિદોષ લાગવા માં દેજ્યો રે, શરણાગતને ઉગારી લેજ્યો રે ।
તમે સમર્થ છો તપોધન રે, દ્રવ્ય નારી નહિ કરે બંધન રે ॥૨૭॥
ગુણે કરી છો કૃષ્ણ સમાન રે, એમ જાણે છે સહુ નિદાન રે ।
અતિધીર જણાણા અમને રે, માટે મોટા કર્યા છે તમને રે ॥૨૮॥
એવી સાંભળી સ્વામીની વાણી રે, બોલ્યા પ્રભુજી ઉદાસી આણી રે ।
સ્વામી તમારી આગન્યા જેમ રે, કરવું ઘટે સરવેને તેમ રે ॥૨૯॥
પણ બ્રહ્મચર્યવ્રત જેહ રે, તેને પાળતો એવો હું તેહ રે ।
તેને માનવું આવું વચન રે, નથી સમર્થ હું ભગવન રે ॥૩૦॥

લોક શાસ્ત્રમાં વાત છે એવી રે, બ્રહ્મચર્યને નિંદવા જેવી રે ।
જેની ગંધ મુંથી ન સહેવાય રે, તેને પાસે મેં કેમ રહેવાય રે ॥૩૧॥
વળી નારીને સંગે સદાય રે, મોટા મુમુક્ષુને બંધ થાય રે ।
મુક્તપણ પડ્યા એને મળી રે, તેની વાત મેં શ્રવણે સાંભળી રે ॥૩૨॥
સૌભરીને વળી એકલશૃંગ રે, એને સંગે જાગ્યો છે અનંગ રે ।
કામ જાગે ત્યાં ક્રોધ જ હોય રે, ક્રોધ ત્યાં મોહ જાણવો સોય રે ॥૩૩॥
મોહ થકી થાય સ્મૃતિ નાશ રે, સ્મૃતિનાશે બુધ્ધિ વિનાશ રે ।
પછી મોક્ષને માર્ગથી પડે રે, એને સંગે અધમગે ચડે રે ॥૩૪॥
માટે બીવું છું એના સંગથી રે, કેમ વચન મનાશે મુંથી રે ।
એના વિશ્વાસમાંહિ જે રહ્યા રે, હતા મોટા તે પણ છોટા થયા રે ॥૩૫॥
જુવો શિવ ને બ્રહ્માની વાત રે, લખી છે શાસ્ત્રમાંહિ વિખ્યાત રે ।
એનો જેણે વિશ્વાસ કીધો રે, તેને અંતરઘાટે ગળી લીધો રે ॥૩૬॥
કામ ક્રોધ મદ લોભ મોહ રે, ભય શોકાદિ શત્રુ સમૂહ રે ।
એહ પ્રકટે અંતરમાંય રે, તેણે કરી કર્મ બંધ થાય રે ॥૩૭॥
માટે બુધ્ધિવાન જે કહેવાય રે, તેણે એને સંગે ન રહેવાય રે ।
માટે પ્રતીતિ ન કરવી મનની રે, એ સમઝણ્ય કૃષ્ણના જનની રે ॥૩૮॥
જો દયાએ કરે મન સંગ રે, થાય ભરત પેઠ્યે વ્રત ભંગ રે ।
માટે અગ્નિમાંહિ બળી જાવું રે, સારું વિષ હળાહળ ખાવું રે ॥૩૯॥
પણ નારી તણો પરસંગ રે, અતિ ભૂંડો લાગે મને અંગ રે ।
તેમ દ્રવ્ય તે ગમતું નથી રે, તેની વાત કહું હવે કથી રે ॥૪૦॥
મોટા ધર્મવાળો હોય જેહ રે, થાય ભ્રષ્ટ દ્રવ્ય સારુ તેહ રે ।
જુવો નિમિ વસિષ્ઠની વાત રે, પૂર્વની પુરાણમાં વિખ્યાત રે ॥૪૧॥
દિધા લોભે સામસામા શાપ રે, તેણે દુઃખ પામ્યા દોય આપ રે ।
વસિષ્ઠ તે વેશ્યાસુત થયા રે, નિમિ જનક જીવથી ગયા રે ॥૪૨॥
એમ દ્રવ્યમાં રહ્યો સંતાપ રે, દ્રવ્ય સારુ થાય બહુ પાપ રે ।
માટે સમઝુએ કરવો વિવેક રે, સ્ત્રી દ્રવ્ય સમ બંધ નહિ એક રે ॥૪૩॥
વળી દેશકાળ ક્રિયા દેવ રે, શાસ્ત્ર દીક્ષા મંત્ર સંગ ભેવ રે ।

એહ સવળે હોય સવળું રે, અને અવળે હોય અવળું રે ॥૪૪॥
જેવું સેવે તેવી થાય મત્ય રે, કરે કર્મ પછી સત્યાસત્ય રે ।
કર્મ પ્રમાણે ફળને લહે રે, માટે વિવેકી વેગળા રહે રે ॥૪૫॥
પિવે ડાહ્યો ભોળો ભાંગ્ય મદ્ય રે, થાય બેઉ ઘેલા જાણો સદ્ય રે ।
તેમ દામ વામ ફેલે કરી રે, સત્વગુણી જ્ઞાની ભુલે હરિ રે ॥૪૬॥
માટે સ્વાભાવિક ગુણ જેહ રે, દ્રવ્ય સ્ત્રિયામાં રહ્યા છે તેહ રે ।
એમ સ્વાભાવિક ગુણ હોય રે, તે ત્યાગવા સમર્થ નહિ કોય રે ॥૪૭॥
માટે એ પ્રસંગમાંહિ ક્યારે રે, સ્વાભાવિક રુચિ નહિ મારે રે ।
પણ તમે આજ્ઞા એવી કીધી રે, કહો કરું હવે કોણ વિધિ રે ॥૪૮॥
પામે ચિત્ત ખેદ અતિ મારું રે, કહો થાય મારું જેમ સારું રે ।
સર્વે ધર્મ પળાવવા સ્વામી રે, તમે સમર્થ છો બહુ નામી રે ॥૪૯॥
માટે એમાં મારું શું છે કામ રે, એથી બીજું કહો સુખધામ રે ।
એમ નારાયણ મુનિ જેહ રે, કહ્યું પોતાનું હારદ તેહ રે ॥૫૦॥
ત્યાગીયોને દેવા ઉપદેશ રે, એમ બોલિયા વર્ણિદિનેશ રે ।
એતો પોતે છે પુરુષોત્તમ રે, જેને નેતિનેતિ કહે નિગમ રે ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીનારાયણ
મુનિએ પોતાની રુચિ કહી એ નામે છેતાલીસમું પ્રકરણમ્ ॥૪૬॥